તા.૧૨/૧૦/૨૦૧૭

# અખબારી યાદી

ધો-૧૦ અને ધો-૧૨ ની માર્ચ-૨૦૧૮ ની જાહેર પરીક્ષાના ફોર્મ ઓનલાઈન ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. ધો-૧૦ ના ફોર્મ ભરવાની મુદ્દત તા.૧૦/૧૦/૨૦૧૭ થી તા.૧૦/૧૧/૨૦૧૭ સુધીની નિયત કરવામાં આવેલ છે.

રાજ્યમાં બોર્ડ દ્વારા નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ૧૭ હજાર જેટલી છે. ૧૭ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે ફોર્મ ભરે તો પ્રત્યેક સ્કુલ દીઠ સરેરાશ ૧૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા થાય છે.

શાળાના આચાર્ય અને ક્લાર્ક નોન ટીચીંગ સ્ટાફ છે. દિવાળી વેકેશન દરમ્યાન તેઓએ રજાના દિવસો સિવાય કામકાજના કલાકો દરમ્યાન શાળામાં કામગીરી કરવી ફરજીયાત છે. તેથી પ્રત્યેક શાળા દીઠ વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યા ધ્યાને લઈ, ઓનલાઈન ફોર્મ ભરવામાં થતા સમયની ગણતરી કરતાં, ફોર્મ ભરવાની કામગીરી નિયત સમયમર્યાદામાં કરી દેવી તદ્દન શક્ય છે.

વધુમાં એ પણ સ્પષ્ટતા કરવાની કે વેકેશનના દિવસોમાં પણ વિદ્યાર્થીઓ શૈક્ષણિક કાર્ય કરતા જ હોય છે તે બાબતે નોંધ લેવી જરૂરી છે. તેથી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને આ કામગીરી સમયમર્યાદામાં થાય તે જોવા જણાવવામાં આવે છે.

સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.